ગાંધીનગર સમાચાર

ગાંધીનગર માટે સ્માર્ટ સીટીનું સ્વપ્ન ધુંધળુ

# શહેરના ૮૮ ભંગારના વેપારીઓને મેલેરિયા શાખાએ નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં ભંગારનો વેપાર કરતા તેમજ બિન ઉપયોગી ટાયરો રાખતા ૮૮ જેટલા વેપારીઓને આજે મેલેરિયા તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેર મેલેરિયા અને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ શહેરોની યાદીમાં સમાવિષ્ટ થયેલું હોવાથી તંત્રએ આ વખતે પ્રિ-મોન્સુન એક્ટીવીટી અંત્યંત સઘન રીતે હાથ ધરેલ છે. તંત્રએ અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ સ્થાનો પરથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરના પોરા શોધી અને પોરાનાશક કામગીરી કરી છે. આ ઉપરાંત એક કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકને પણ નોટીસ આપી હતી.

મળતી વિગતોપ્રમાણેવરસાદમાં ભંગાર માલસામાન તથા બિન ઉપયોગી ટાયરમાં વરસાદી પાણી ભરાઈ રહેતાં તે મચ્છરોની ઉત્પત્તિનું આદર્શ સ્થાન ગણવામાં આવે છે.

વેપારી અને ઈસમોને આજે અપાયેલ નોટીસમાં આ વસ્તુઓનો સત્વરે નિકાલ કરવા કડક તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત મચ્છરોની ઉત્પત્તિને અટકાવવાના પગલાં લેવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



ગટરનું ગંદુ પાણી - સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં ગટરનું ગંદુ પાણી ઉભરાતા ભારે દુર્ગંધ પ્રસરી ગઈ હતી... જીઆઈડીસી વિસ્તારમાં વારંવાર પાણીની પાઈપ લાઈન કે ગટરની પાઈપ લાઈનમાં લિકેજના પ્રશ્નો સર્જાય છે... શુક્રવારે વહેલી સવારથી ગટર ઉભરાતા રાહદારીઓ માટે અને ઉદ્યોગકારોને ભારે હાલાકી ભોગવવી પડી હતી...

# આજે પ્રભારી સચિવ સ્વચ્છતા મિશન અંગે જિલ્લાતંત્રની સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ સંજીવકુમાર આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પ્રથમવાર જિલ્લામાં ચાલી રહેલા વિવિધ સરકારી કાર્યક્રમો અને યોજનાઓના અમલીકરણને લઈ ખાસ સમીક્ષા કરનાર છે.

જિલ્લા સંકલન સમિતિની બેઠક બાદ મળનાર આ સમીક્ષા બેઠકમાં સ્વચ્છતા મિશન, ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં રજુ થયેલા પ્રશ્નો, સિંચાઈ યોજના ખાસ કરીને પ્રધાનમંત્રી વોટર શેડ યોજના, જન-ધન યોજના, અટલ પેન્શન યોજના, પાક-વીમા માટે કરેલ કામગીરી સહિતની બાબતોને આવરી લઈ સર્વગ્રાહી સમીક્ષા કરનાર છે.

જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં પણ તેઓ હાજર રહેનાર છે. પ્રભારી સચિવ તરીકે નિયુક્ત થયા બાદ તેઓ પહેલીવાર આવી સમીક્ષા બેઠક કરી રહ્યા છે. આ બેઠકમાં ખાસ કરીને ગતિશીલ ગુજરાતના ફાળવવામાં આવેલા લક્ષ્યાંકો અને તેમાં થયેલ કામગીરી, 'મા' અમૃતમ્ 'મા' વાત્સલ્ય યોજના, આધારકાર્ડની કામગીરી પર પણ તેઓ સમીક્ષા કરી અને વિશેષ માર્ગદર્શન આપશે તેમ જાણવા મળેલ છે.

તેઓએ આ સમીક્ષા બેઠક દરમ્યાન ચોમાસાની આવી રહેલી સિઝનને લઈ તૈયાર કરવામાં આવેલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનની પણ ચર્ચા કરનાર હોવાનું જાણવા મળેલ છે.

સંજીવકુમાર અગાઉ ગાંધીનગર જિલ્લા કલેક્ટર તરીકે રહી ચુક્યા છે તેથી જિલ્લાની ભૌગોલિક, રાજકીય, સામાજિક સમસ્યાઓથી વાકેફ છે. આજની આ સમીક્ષા બેઠકને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.



અનોખી જુગલબંધી - લીમડો અને પીપળો એક સાથે વિકસી રહ્યાની દુર્લભ તસવીર... મણિનગર વિસ્તારમાં લીમડો અને પીપળાનો એક સાથે ઉછેર થતાં અનોખી જુગલબંધી સર્જાઈ છે... કુદરતની અનોખી લીલા નોખા સ્વરૂપે નિહાળવાનો અદ્દભૂત અવસર એટલે આ અનોખી જુગલબંધી

# વિજબીલની ચુકવણીમાં વળતર આપવાનુ બંધ : ગ્રાહકોમાં આક્રોશ

## ગાંધીનગર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના અંદાજિત ૬૫ હજાર ગ્રાહકો નિર્ણયથી પ્રભાવિત : લાખો રૂપિયાનુ આર્થિક ભારણ વધશે

ગાંધીનગર તા ૧૭

ટોરન્ટ પાવર દ્વારા વિજબીલની ચુકવણીમાં ગ્રાહકોને અપાતુ વળતર બંધ કરી દેવાતા ગાંધીનગર સહિત સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના અંદાજિત ૬૫ હજાર જેટલા જોડાણકર્તાઓ આ નિર્ણયથી પ્રભાવિત થશે. જયારે વિજબીલની રકમમાં વળતર ન ચુકવાતા ગ્રાહકોના માથે લાખો રૂપિયાનુ આર્થિક ભારણ વધશે.

શહેરના પી એન જી વપરાશ કરતા ગ્રાહકોને એકબાજુ વિજબીલની જેમ વળતર આપવા માટે રજુઆતો કરવામાં આવી રહી છે.ત્યારે ચાલુ મહીનાથી ટોરેન્ટ પાવર દ્વારા જ વિજબીલની ચુકવણીમાં વળતર આપવાનુ અચાનક બંધ કરી દેવાતા વિજ વપરાશના ગ્રાહકોને આંચકો લાગ્યો છે. વિજ વપરાશના ગ્રાહકોને ટોરેન્ટ પાવર લી દ્વારા અત્યાર સુધી નિયમિત અને સમયસર બીલની ચુકવણી માટે એક ટકા જેટલુ વળતર આપવામાં આવતુ હતુ. જેના લીધે ગ્રાહકોને પણ રાહત અનુભવતા હતા. નિયત સમયે બીલની ચુકવણી માટે અપાતુ વળતર ટોરેન્ટ દ્વારા અચાનક જ બંધ કરી દેવામાં આવતા ગ્રાહકોમાં રોષ પ્રવર્તયો છે. જર્ક દ્વારા નવી ટેરિફના ઓર્ડર મુજબ ગ્રાહકોને વીજ બીલની ચુકવણીમાં વળતર આપવાની સ્કીમ રદ કરી દેવામાં આવી હોવાનુ પણ સુત્રોના માધ્યમથી જાણવા મળ્યુ છે. ત્યારે ગાંધીનગર શેહરી વિસ્તાર ઉપરાંત સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના ૬૫ હજાર જેટલા જોડાણકર્તાઓ પ્રભાવિત થયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. વિજબીલની જેમ ગેસ બીલમાં પણ વળતર આપવાની રજુઆતો ઉઠવા પામી હતી. ત્યારે વિજબીલમાં મળતી રાહત પણ છિનવાતા નગરજનોમાં આક્રોશ પ્રવર્તયો છે. વિજબીલ પર વળતર આપવાનુ બંધ કરી દેવાતા ગ્રાહકો પર લાખો રૂપિયાનુ આર્થિક ભારણ વધી જશે.

# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વૃક્ષ છેદનની પ્રવૃતિ પ્રકૃતિ શિક્ષણ માટે ઘાતક

## સુકાયેલા વૃક્ષોમાં વિવિધ પ્રકારના પક્ષીઓ આશિયાનો બનાવતા હોય તેવા દેશના એક માત્ર ઉદ્યાનમાં વાડ જ ચિભડા ગળે તેવી સ્થિતિ

ગાંધીનગર તા ૧૭

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વાડ જ ચિભડા ગળે તેવી સ્થિતિ સર્જાઇ છે. પકૃતિ ઉદ્યાનમાં વૃક્ષાનુ છેદન કરી ઉપજ થયેલા જલાઉ લાકડાની હરાજી કરી દેવામાં આવે છે. ભારતમાં આ એકમાત્ર પ્રકૃતિ ઉદ્યાન એવુ છે કે જેમાં સુકા વૃક્ષોમાં પક્ષીઓ માળો બનાવી ખોરાક અને રહેઠાંણ મેળવે છે. પરંતુ વન તંત્રની આ હરકતના લીધે પક્ષીઓનો આશિયાના પર તરાપ લાગી છે. આ સ્થિતિ વચાળે નેચર એજયુકેશનની પ્રવૃતિ સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે.

ગાંધીનગરમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની સ્થાપના વર્ષ ૧૯૭૮માં નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમના નામે કરવામાં આવી હતી. ત્યારબાદ બિનસરકારી સંગઠન અસ્તિત્વમાં આવતા ગીર ફાઉન્ડેશનની સ્થાપના થઇ હતી. આ ગીર ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તેમજ હીંગોળગઢ શિક્ષણ પ્રકૃતિ અભ્યારણ્યનુ સંચાલન કરવામાં આવે છે. આ ઉદ્યાનમાં પ્રકૃતિના ઘટકો અંગે નાગરિકોને જાગૃત કરવા અને સંવેદનશીલતા વધારવા માટે નેચર એજયુકેશન માટે અલાયદો વિભાગ પણ શરૂ કરવામાં આવ્યો છે. પરંતુ હાલ આ ઉદ્યાનમાં જાણે વાડ જ ચિભડા ગળે તેવી દયાજનક સ્થિતિનુ નિર્માણ થયુ હોવાનો રોષ ઉઠવા પામ્યો છે.પ્રકૃતિ ઉદ્યાનમાં અસંખ્ય વૃક્ષોનુ છેદન કરી તેમાંથી ઉપજ થતા જલાઉ લાકડાની હરાજી કરવાની હરકત સામે નગરના પ્રકૃતિ પ્રમીઓમાં ઘોર નારાજગી વ્યાપી છે.

દેશમાં સુકાયેલા વૃક્ષોમાં આશરો મેળવી ઉધઇ સહીત જમીનની અંદરના જીવજંતુઓ તેમજ વિવિધ પ્રકારના પક્ષીઓ ખોરાક અને રહેઠાંણ માટે આશિયાનો મેળવતા હોવાથી વન તંત્રની આ હરકત અબોલ પક્ષીઓ માટે ઘાતક પુરવાર થઇ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. વન વિભાગના પ્રતિનિયુક્તિ પર ફરજ બજાવતા અધિકારીઓ આ નિતીને પ્રોત્સાહીત કરતા હોવાનો રોષ પણ સેવાઇ રહયો છે. ત્યારે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં અપાતા પ્રકૃતિ શિક્ષણની પ્રવૃતિ સામે પણ સવાલો મંડરાયા છે.

# ગાંધીનગર માટે સ્માર્ટ સીટીનુ સ્વપ્ન ધુંધળુ

## જમીનની ઉપલબ્ધતા સૌથી મોટી ખામી છે : જો કે રિજીયોનલ સ્માર્ટ સીટી હબ તરીકે વિકાસની તક જરૂર છે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરનો સમાર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવેશ થાય તે માટે તંત્રની તડામાર તૈયારીઓ વચ્ચે પણ જમીનની ઉપલબ્ધતા સહિતની અનેક ખામીઓને લઈ આ વખતે પણ સમાવેશ થશે કે કેમ તેની શંકા-કુશંકાઓ લોકજીભે રમતી થઈ છે.

ગાંધીનગર શહેર એક સુઆયોજિત નગર હોવાને કારણે અહિ વિકાસની ગતિ અત્યંત ધીમી રહી છે. અહિ વસ્તીનું પ્રમાણ ઓછુ છે એટલુ જ નહિ વસ્તી વૃદ્ધિનો દર સતત ઘટી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૩૦ સેક્ટરોની અંદર વહેંચાયેલા આ નગરમાં આંતરિક વાહન-વ્યવહાર માટેની અપૂરતી વ્યવસ્થા, લોકો સીમીત આવક ધરાવતા હોવાથી જનભાગીદારીની ઓછી શક્યતાઓ ઉપરાંત પ્રતિકૂળ હવામાનને લઈ આ વખતે પણ સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં સમાવેશ થશે કે કેમ ? તેને લઈ પ્રશ્નાર્થ છે.

આ નગર માટે કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થાનો અભાવ આજે પણ ઉડીને આંખે વળગે તેવી સમસ્યા છે. આ નગર માત્ર ને માત્ર મોટર માર્ગે જ જોડાયેલું છે. અહિ રેલવેની સુવિધા અંગે કેન્દ્ર દ્વારા સતત અન્યાય કરવામાં આવી રહ્યો છે.

એક સરખી ડિઝાઈન ધરાવતા સેક્ટરોને લઈ વિકાસ માટેના સ્થળ શોધવાની મુશ્કેલી સૌથી મોટી છે.

આ નગરને સોલાર સીટી બનાવવાનું સ્વપ્ન તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૨માં નગરના જન્મદિનની ઉજવણી દરમ્યાન વ્યક્ત કર્યુ અને આ પછી અનેકવિધ પ્રયાસોને અંતે અત્યારે માત્ર ૭ મે.વો. સોલાર ઊર્જાનું ઉત્પાદન શક્ય બન્યુ છે. જેમાં ૨ મે.વો.ના સોલાર પાવર સ્ટેશન ઉભા કરાયા છે તો ૪ મે.વો. સરકારી બિલ્ડીંગો પર સોલાર પેનલો લગાવી ઉત્પન્ન કરવામાં આવી રહી છે.

આ નગરમાં ખુલ્લી જગ્યા

● અનુસંધાન પાન-૭ પર

### સ્માર્ટ સીટીમાં સમાવેશ પછી પણ ખર્ચમાં બચત થશે ?

ગાંધીનગર શહેરનો જો સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવેશ થશે તો પણ પાંચ વર્ષમાં રૂ. ૧૫૦૦ કરોડનો ખર્ચ કરવાને બદલે કરકસરભર્યો વહીવટ કરીને ખર્ચ રૂ. ૧૪૩૨ કરોડ જેટલો જ થશે તેવો અંદાજ તેની પ્રપોઝલ જે તૈયાર કરવામાં આવી છે તેમાં દર્શાવાયો છે.

કેન્દ્ર સરકારના ૫૦૦ કરોડ, રાજ્ય સરકારના ૫૦૦ કરોડ અને મનપા અને પીપીપી દ્વારા રૂ. ૫૦૦ કરોડ એકત્ર કરી આ ખર્ચ કરવામાં આવનાર છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત વોટર એટીએમ અને G-one સ્માર્ટ કાર્ડ આપવાનું આયોજન પણ વિચારાયું છે. તેમજ હાલ ગાંધીનગરનું જે ગ્રીન કવર છે તેમાં વધારો કરવા માટે સઘન વૃક્ષારોપણ તેમજ બગીચાઓના આધુનિકરણની વાતનો પણ આયોજનમાં સમાવેશ કરાયો છે.



શિક્ષકની ભૂમિકામાં મુખ્યમંત્રી - આજીવન શિક્ષક અને શ્રેષ્ઠ શિક્ષકના એવૉર્ડ વિજેતા શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્યમંત્રી તરીકે પ્રવેશોત્સવના અંતિમ ચરણમાં મોડાસાની પ્રાથમિક શાળામાં શિક્ષકની ભૂમિકામાં બાળકોને ભણાવ્યા તે પ્રસંગની લાક્ષણિક તસવીર...

# બોરીજનો પાંચ વર્ષનો બાળક કોલેરામાં સપડાયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામમાંથી એક પાંચ વર્ષના બાળકને આજે કોલેરા પોઝીટીવ આવતાં શહેરી આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી આ વખતે કોલેરા પોઝીટીવના છુટા છવાયા કેસો જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્ર દ્વારા કામગીરીનું ભારણ વધ્યુ છે. ઉનાળો જે રીતે લંબાતો જાય છે અને હીટવેવમાં સતત ૪૦ ડિગ્રીનું તાપમાન નોંધાઈ રહ્યું છે તેને કારણે આ વખતે કોલેરાના કેસોમાં વધારો થયેલો જાવા મળે છે.

જિલ્લામાં આ બાળ દર્દી સાથે કોલેરાના કેસોની સંખ્યા ૧૭ પર પહોંચી છે. જે ૨૦૧૩ કરતાં વધુ છે. ગાંધીનગર શહેરમાંથી આ સિઝનમાં ત્રીજો કેસ મળી આવ્યો છે. જો કે આ તમામ કેસો છુટા છવાયા નોંધાયા છે.

શહેરી આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સના હુકમો જારી કરી દેવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે આ બાળ દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં જે રીતે આ વખતે પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે તેને લઈ આજની સંકલન સમિતિની કલેક્ટરના અધ્યક્ષપદે મળનારી બેઠકમાં ચર્ચાઓ થાય તેવી શક્યતાઓ છે.

# સે-૪માં આજે વિજ પુરવઠો ખોરવાશે વિજલાઈનનુ જરૂરી કામ હાથ ધરાશે

## ટેકનિકલ ખામી દુર કરવાના કામને અનુલક્ષી સેક્ટરના એ, ડી અને બી વિભાગમાં લાઇટો ડુલ રહેશે

ગાંધીનગર તા ૧૭

શહેરમાં ઉનાળાની આકરી ગરમીમાં સેકટરોમાં છાશવારે વિજપ્રવાહ ખોરવાઈ જતો હોવાની વ્યાપક ફરિયાદોથી નગરજનો તોબા પોકારી ગયા હતા. જયારે ખાસ કરીને નવા સેકટરોમાં રેકર્ડ બ્રેક ગરમી ટાંણે જ વિજધાંધિયાથી સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો હતો. સે-૪ માં પણ ટેકનિકલ ફોલ્ટના લીધે ફિડર સળગી ઉઠવાના બનાવો પણ પ્રકાશમાં આવ્યા હતા. સે -૪ માં હજુ ટેકનિકલ ક્ષતિઓ નિવારવા માટે આજે ટોરેન્ટ પાવર દ્વારા કામ હાથ ધરાશે જેના લીધે સેકટરમાં એ,ડી અને બી વિભાગમાં સવારે ૧૦:૩૦ થી ૪ કલાક સુધી વિજ પુરવઠો બંધ રહેશે.

આગ ઓકતી ગરમીના લીધે શહેરમાં વિજપુરવઠાનો વપરાશ વધ્યો છે. સેકટરોમાં પ્રત્યેક ઘરે એસી ધમધમી રહયા છે. રેકર્ડ બ્રેક ગરમીના લીધે વિજ પુરવઠાના વપરાશમાં પણ નોંધપાત્ર વધારો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે અગાઉ વધતા વિજપુરવઠાના લીધે સેકટરોમાં ટેકનિકલ ખામી સર્જાતી હોવાની પણ અનેક ફરિયાદો પણ ઉઠવા પામી છે.જેને અનુલક્ષીને ટોરેન્ટ પાવર દ્વારા આજે સેકટરમાં ટેકનિકલ ફોલ્ટ નિવારવા માટે જરૂરી કામ હાથ ધરવામાં આવશે. સેકટરના એ,ડી અને બી વિભાગમાં સવારે ૧૦:૩૦ થી ૪ કલાક સુધી વિજ પુરવઠો બંધ રહેશે. જો કે એક દોઢ કલાકમાં કામ પુરુ થતા વિજપુરવઠો રાબેતા મુજબ ચાલુ કરી દેવાશે તેમ પણ સુત્રો દ્વારા જણાંવાયુ છે.

**બેસણું**



મારા ધર્મપત્નિ **રમાબેન ભાનુપ્રસાદ પુરાણી** (નિવૃત પ્રિન્સિપાલ, સરકારી માધ્યમિક શાળા-ગાંધીનગર) નું તા.૧૪-૬-૨૦૧૬ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૯-૬-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે

**નિવાસસ્થાન :- પ્લોટ નં.૧૦૩/૨, "રાજદીપ" સરકારી નર્સરી પાછળ, સેક્ટર-૨/એ, ગાંધીનગર**

ભાનુપ્રસાદ પુરાણી (નિવૃત જિલ્લા શિક્ષણાધિકારી - પ્રમુખ, સિનિ. સિટિ. કાઉન્સિલ)
કેયુર ભાનુપ્રસાદ પુરાણી (પૂત્ર) — પાયલ કેયુર પુરાણી
મયુર ભાનુપ્રસાદ પુરાણી (પૂત્ર) — ફાલ્ગુની મયૂર પુરાણી
સ્વીટકેર પ્રાથમિક શાળા (અડાલજ) — તથા સમસ્ત હરિશંકર પુરાણી પરિવાર

**ડો. કિરીટ એસ. પટેલ**

તા. ૧૮મી જુને પરત આવવાના છે અને ૧૯મી જુન, ૨૦૧૬થી તેમના ક્લિનિક પર રાબેતા મુજબ મળશે.
સ્થળ : ૧૮૦, ડબલ ડેકર, હરસિદ્ધનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૯૨૮૯

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com